કોઇની વચ્ચે એવા મધ્યસ્થી ન બનો કે તમે જ અંતે દોષિત ઠરો
- શેખ સાદી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૩ | ૨૪ મે, ૨૦૧૩, શુક્રવાર; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા વહીવટી તંત્રએ સૂચવેલા કામો નામંજૂર

## કુડાસણ-ટીંટોડામાં બે આયુર્વેદ દવાખાના માટેના મકાનો બનશે : તંત્ર ચિલાચાલુ નહિ પણ સર્વસમાવેશક વિકાસ કામો સૂચવે : નાણામંત્રી નિતીનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રએ ૧.૫૦ કરોડના સૂચવેલા વિકાસના કામોને આજે આયોજન મંડળની બેઠકમાં ફગાવી દેવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. પ્રભારીમંત્રીશ્રી નિતીન પટેલે પણ આ અંગે સુયોગ્ય દરખાસ્ત સાથે તંત્રને પુનઃ રજુઆત કરવાનું જણાવ્યું હતું.

પ્રભારી મંત્રીશ્રી પટેલે કુડાસણ અને ટીંટોડામાં સરકારી આયુર્વેદ દવાખાના બનાવવા માટેની દરખાસ્ત જિલ્લાતંત્રની જોગવાઈમાં સમાવી અને રજુ કરવા સૂચવ્યું હતુ. આમ જિલ્લાના બે આયુર્વેદ દવાખાનાના મકાનો પણ આયોજન મંડળ દ્વારા નિર્માણ પામશે.

આજની આ બેઠક બે કલાક જેટલો સમય ચાલી હતી જેમાં પ્રભારી મંત્રીશ્રીએ વિકાસના કામો સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટેનો વિશેષ આગ્રહ રાખ્યો હતો તેમજ એકના એક કામોની દરખાસ્તો વારંવાર રજુ ના થાય તે જોવા અધિકારીઓને તાકીદ પણ કરી હતી.

આ બેઠકમાં વિવેકાધીન, જિલ્લા વહીવટી તંત્ર-વિવેકાધીન, -ોત્સાહક, ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર અને ધારાસભ્યશ્રી ફંડ જોગવાઈ વારનાં કામોની, તેમાં થયેલ -ગતિ અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રી નિતીનભાઈ પટેલે જિલ્લા માટે ખાસ નમૂનારૂપ અને વિશિષ્ટ -કારનાં લોકહિતના કામોને -ાધાન્ય આપવા જણાવ્યું હતું. કોઈ ગામમાં ટોઈલેટ બ્લોકસ બનાવવા હોય, કોમ્યુનિટી હોલ બનાવવાનો હોય, મોટો શેડ

● અનુસંધાન પાન-૭ પર

## હવે જિલ્લામાં વિકાસ કામો માટે રૂ. ૫૦ લાખ વધુ ફાળવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષથી વિકાસ માટે રૂ. ૫૦ લાખ જેટલી રકમ વધુ મળશે અને જેને લઈ વિકાસના કામોને નવો વેગ મળશે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો થતાં આ ચૂંટણી વેળાએ બનતાં આ વધારાની નવી રકમ જિલ્લાને વિકાસ માટે મળશે. દરેક વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય દીઠ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત રૂ. ૫૦ લાખના ફંડની ફાળવણી કરવામાં આવે છે.

ગાંધીનગર (ઉ)અને ગાંધીનગર (દ) એમ બે નવી વિધાનસભા બેઠકો અસ્તિત્વમાં આવી છે. આ બન્ને બેઠકો પર ભાજપના ધારાસભ્યો ચૂંટાઈ આવ્યા છે. આ બન્ને બેઠકો બનતાં હવે ગાંધીનગર તાલુકામાં વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ. એક કરોડના ખર્ચે વિકાસકામો હાથ ધરી શકાશે.

આ કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્યશ્રીએ જે તે વિસ્તાર માટે પોતાના કામો સૂચવવાનાં હોય છે. અને જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા તેને મંજૂરી આપવામાં આવતી હોય છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૨મી વિધાનસભાના ચારેય સભ્યો દ્વારા તેમને ફાળવવામાં આવેલ તમામ રકના કામો તેમણે સૂચવ્યા હતા. જે બધાજ કામો હાલ પ્રગતિ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

સ્વર્ણિમ પાર્કની સ્વર્ણિમ જાળવણી - મહાત્મા મંદિરથી ઘ-૪ વચ્ચેના સ્વર્ણિમ પાર્કની હરિયાળીને લીલીછમ રાખવા ફુવારા પદ્ધતિથી સતત પાણીનો છંટકાવ થઈ રહ્યો છે... ગ્રીષ્મમાં પણ ઠંડક આપે એવી આ તસવીર નિહાળવી ગમે, વાતાવરણને માણવું ગમે અને નગરની ઓળખ બનવા જઈ સ્વર્ણિમ પાર્ક નગરનું એક નજરાણું બની ચૂક્યું છે... ગાંધીનગરનાઓ માટે ઉનાળામાં રાત્રિના ફરવાનું એક નવા સ્થળ તરીકે વિકાસ પામી રહ્યું છે....

## જનસેવા કેન્દ્રની ઓચિંતી મુલાકાતે પહોંચેલા નાણામંત્રી

### કચેરીમાં ગમે ત્યાં થુંકતા અને ગંદકી ફેલાવનારાઓ પાસેથી દંડ વસુલો

ગાંધીનગર, તા. ૨૩


ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં ગંદકી જોઈ રાજ્યના નાણાંમંત્રી અને પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ આજે ચોંકી ઉઠ્યા હતા તેમણે કલેક્ટરશ્રી ભટ્ટને જાહેર કચેરીઓમાં ગમે ત્યાં થુંકી કે પિચકારી મારી ગંદકી ફેલાવતા ઈસમો પાસેથી દંડ વસુલવાની કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

તેમણે આજે જિલ્લા કલેક્ટર કચેરીના ભોંયતળિયે આવેલ જનસેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે જનસેવા કેન્દ્રમાં પડતી મુશ્કેલીઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કેન્દ્ર અંગે ફરિયાદો મળી ન હતી.

આજે જિલ્લા આયોજન મંડળની બેઠક પૂર્ણ થયા બાદ સીડી ઉતરતાં સ્વચ્છતાનો મુદ્દો છેડ્યો હતો. સીડીના ખૂણાઓમાં પાનની પિચકારીઓ મારી ગંદકી કરાઈ છે તે સામે નારાજગી વ્યક્ત કરી સ્વચ્છતા માટે એક અધિકારીની ખાસ નિમણુંક કરવી જોઈએ અને જે આવી ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરે.

● અનુસંધાન પાન-૭


# હાર્દિક અભિનંદન



**રાહુલ ગાંધી**
ઉપાધ્યક્ષશ્રી
ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ



**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**
પ્રમુખશ્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



**શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ**
મહામંત્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



**શ્રી હર્ષજીત પંડ્યા**
ઈન્ચાર્જ મહામંત્રી
ગાંધીનગર શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિ



**શ્રી ગુલાબસિંહ રાજપૂત**
મહામંત્રી
ઓલ ઈન્ડીયા એન.એસ.યુ.આઈ.

આપની ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ મહામંત્રી પદે રાજ્યમાં સૌથી નાની વયે નિમણુંક થતાં અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ...

આપની રાજકીય અને જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.

પાર્થ ગજ્જર (સેક્ટર-૨૨)
ગુંજન પટેલ (સેક્ટર-૨૯)
ડો. રવિ પટેલ (સેક્ટર-૨૯)
આકાશ વોરા (સેક્ટર-૩૦)
ડો. અજય બારડ (સેક્ટર-૨૨)
કમલેશસિંહ વાઘેલા (સેક્ટર-૨૨)
પાર્થ પટેલ (સેક્ટર-૨૯)
બ્રિજેશ પટેલ (સેક્ટર-૨૯)


# જિલ્લામાં ચાર માર્ગ અકસ્માત : છના મોત

### ઉવારસદ નજીક ટેન્કર-વાન સામ સામે અથડાતા એકનું મોત : રાંધેજા પાસે આઈશરની ટક્કરથી બાઈકચાલક વૃદ્ધનું મોત અને પાછળ બેઠેલી પત્નિ ફંગોળાઈને ટેન્કરના ટાયરમાં ઘુસી જતા તેણીનું પણ મોત : લવારપુર પાસે ટ્રકની અડફેટથી ઈકોમાં સવાર બે ના મોત : પાંચ ઘાયલ : ચિલોડા સર્કલ પાસે ટ્રકની ટક્કરથી કિશોરનું મોત

#### ૫૦૦ મીટર સુધી વૃદ્ધા ટાયરમાં ફંગોળાતા પગથી શરીરનો ભાગ અલગ થઈ ગયો

રાંધેજા રોડ પર ગત મોડી સાંજે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં રૂંવાડા ઉભા કરી નાંખે તેવા દૃશ્યો સર્જાયા હતા. આઈશર ટ્રકની અડફેટથી બાઈકચાલક વૃદ્ધનું મૃત્યુ નિપજ્યું હતું જ્યારે બાઈક પાછળ બેઠેલા વૃદ્ધા ફંગોળાઈને બાજુમાંથી પસાર થતા ટ્રેલરના ટાયરમાં ઉછળીને ફસાઈ જતાં અંદાજે ૫૦૦ મીટર ટાયરમાં ફંગોળાઈને રસ્તા પર ઢસડાયા હતા અને ટ્રેલર રીવર્સ મારીને ટાયરમાં ફસાઈ ગયેલો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતદેહના બબ્બે ટુકડા થઈ ગયા હતા.

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં ચાર વિવિધ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં પાંચ જણા મોતને ભેટ્યા છે. માર્ગ અકસ્માતોનું વધી રહેલું પ્રમાણ ચિંતાજનક બન્યું છે ત્યારે ચોવીસ જ કલાકમાં જિલ્લામાં સર્જાયેલા ત્રણ અકસ્માતમાં પાંચના મૃત્યુ થતા ચકચાર મચી જવા પામી છે. રાંધેજા પાસે બાઈક પર સવાર વૃદ્ધ દંપતિનું માર્ગ અકસ્માતમાં અરેરાટીભર્યુ મોત નિપજ્યું છે. જ્યારે લવારપુર ચોકડી પાસે ટ્રકની અડફેટે વહેલી સવારે ઈકો કાર સાથેના અકસ્માતમાં ચાલક સહિત બે ના મૃત્યુ નિપજ્યા છે જ્યારે પાંચ ઘાયલ થયા છે તે ઉપરાંત ઉવારસદ ચોકડી પાસે ટેન્કરની ટક્કરે મારૂતીવાનના ચાલકનું મૃત્યુ નીપજ્યું છે.




(તસવીર : વિપુલ ચૌહાણ)

મળતી માહિતી મુજબ

● અનુસંધાન પાન-૭ પર


DIRECT FINAL
DISCONTINUED?/DROPOUT/JOIN FINAL
BA/B.Com
BBA/BSc
BCA/MBA
MA / M.Com / MSC / MCA
B.Pharm/Nursing/Hotel Management
HSC/DIP/B.Tech
M.Phil/PhD/B.Ed/M.Ed
From UGC Recog. Univ.
100% Successful Guidance
M. : 97266 92122






ઢીંચણનો ઘસારો કે વા અપંગ બનાવે તે પહેલાં જાગો



ફ્રી સેમીનાર

ખર્ચાળ Knee Replacement ને બદલે ઓછા ખર્ચવાળું કુદરતી સાંધો બચાવતું એક આધુનિક ઓપરેશન-Knee Restoration by Osteotomy



સ્થળ : સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ, ઓડીટોરીયમ હોલ, ચ-૫ સર્કલ પાસે, સેકટર-૧૭, ગાંધીનગર.
તારીખ : ૨૬-૦૫-૨૦૧૩, રવિવારે, સવારે ૯-૩૦ થી ૧૧-૩૦
વકતા : ડૉ. દિનેશ ઠક્કર (ઓર્થોપેડીક સર્જન)
લૉંગલાઈફ હોસ્પિટલ, સી.એન.જી. પંપની બાજુમાં, પાલડી, અમદાવાદ
મુખ્ય મહેમાન : શ્રીમાન અરૂણભાઈ બુચ
રજીસ્ટ્રેશન માટે નં. : ૦૭૯-૨૬૫૮૭૭૩૬/૩૭, મો. ૮૦૦૦૪૮૫૫૮૮